GJBK010007882026

## આંક–૧ નીચે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારે હાલની અરજી કરી, આ કામે અરજદારના નામે ઇન્ડીયન બેંક,પાલનપુર શાખામાં ફીકસ ડીપોઝીટ તરીકે જમા નાણાં અરજદારને ચેકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની ઉપરોકત રજુઆત ધ્યાનમાં લેતાં તથા આ કામે અરજદારની અરજી વંચાણે લેતાં, એમ.એ.સી.પી. નં.૨૦૪/૨૦૧૮ ના કામે હુકમ અન્વયેના હુકમનામા મુજબ સામાવાળાએ રકમ જમા કરાવેલ, જે રકમ ઉપાડવા અરજદારે અરજી દાખલ કરેલ અને તેના હુકમ તથા હુકમ મુજબના પેમેન્ટ હુકમ મુજબ અરજદારના નામે પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. હાલમાં અરજદારને આર્થિક ઉપાર્જન કરવા રીક્ષા ખરીદવા માટે નાણાંની જરૂરીયાત ઉદભવેલ હોઇ અરજદારના નામે કરાવેલ ફીકસ ડીપોઝીટ તોડી રકમ આપવાની માંગણી કરેલ છે.

(૪) આ કામે અરજદારની અરજી તળેનો રજીસ્ટ્રીનો સદરહું એમ.એ.સી.પી. સામે કોઇ અપીલ થયેલ ન હોવાનો શેરો વંચાણે લીધો. સામાવાળા તરફે આ કામે વાંધો ન હોવાનો શેરો અરજદારની અરજી ઉપર કરેલ છે જે વંચાણે લીધો. અરજદારના નામે જે એફ.ડી. ના નાણાં મુકેલ છે તે તેઓના લાભાર્થે મુકેલ છે. હાલમાં અરજદારને આર્થિક ઉપાર્જન કરવા રીક્ષા ખરીદવા માટે ફીકસ ડીપોઝીટ તોડી નાણાં આપવા રજુઆત કરેલ છે. અરજદારની રજુઆત ધ્યાને લેતાં અરજદારને એફ.ડી. ની

પુરેપુરી રકમ આપવી યોગ્ય જણાતી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર–જયેશભાઇ મફતલાલ રાવળ(ભાટ), રહે.માલણ, ચામુંડા મંદિર પાસે, તા.પાલનપુર,જી.બ.કાં.વાળાના નામે ઇન્ડીયન બેંક, પાલનપુર શાખામાં એમ.એ.સી.પી. નં.૨૦૪/૨૦૧૮ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ નં.092889, જેની રકમ રૂ.1,12,697/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબ બેંકને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર
તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા–પાલનપુર
જી.જે.૦૦૮૦૩